# ભારતના લોકલાડીલા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની મુલાકાત લેતા રોહિતજી ચંદુજી ઠાકોર (ભામાશા)







દિલ્હી ખાતે તા.૧૪ ડીસેમ્બર ૨૦૧૬ના બુધવારના રોજ વિજયમુહૂર્ત ૧૨/૩૯ દિલ્હી પાર્લામેન્ટ હાઉસ ખાતે ભારત દેશના લોકલાડીલા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની મુલાકાત લેતા રોહિતજી ચંદુજી ઠાકોર (ભામાશા) પ્રમુખ શ્રી ગુજરાત ઠાકોર સમાજ કેળવણી ટ્રસ્ટ, તેમના ધર્મપત્ની શ્રીમતી રમીલાબેન રોહિતજી ઠાકોર તથા ભરતસિંહજી ડાભી-સંસદીય સચિવશ્રી, ગુજરાત શ્રી શંકરભાઈ વેગડ (સાંસદ) સાથે જોડાયેલા. માનનીયશ્રી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે રોહિતજી ઠાકોર (ભામાશા)એ સી.એમ. હાઉસમાં મોદી સાહેબ તેમજ રોહિતજી ઠાકોરે ગાંધીનગર ખાતે મહાકાળી પાવાગઢ વાળી માતાજીની આકરી કઠોર માનતા (બાધા) રાખેલ કે જો મોદી સાહેબ ભારત દેશના વડાપ્રધાન બનશે તો મહાકાળી માતાજીના પરમ ભક્ત એવા રોહિતજી ઠાકોર પાવાગઢ ધામના પવિત્ર એક એક પગથિએ કંકુનો ચાંલ્લો કરતા કરતાં પાવાગઢ મહાકાળી માતાજીના દર્શન કરશે. આ બાધાને પૂર્ણ કરવા માટે ચાંદીના કળશની અંદર કુમકુમ કંકુ ભરી માનનીય શ્રી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ તેમજ રોહિતજી ઠાકોર કંકુ ભરેલા કળશને બંનેના હાથોથી ચાંદીના કળશને પકડી મહાકાળી માતાજીને દિલ્લી ખાતે પ્રાર્થના કરી, માતાજી પ્રત્યેની અંતઃકરણપૂર્વકની ભાવના અને શ્રધ્ધા સાથે આ બાધા પાવાગઢ જઈ રોહિતજી ઠાકોર પોતાની મનોકામના અને બાધા પૂર્ણ કરશે.

રોહિતજી ઠાકોર જયારે મોદી સાહેબને મળવા પહોંચ્યા ત્યાં તુરત જ ઉમળકાભેર આનંદ વિભોર બની હસતાં હસતાં માનનીય વડાપ્રધાનશ્રીએ કહ્યું કે રોહીત, આપણા વડવાળા કાળીમાં શું કરે છે ? (દહેગામ-કંથારપુર) તેના વિકાસની વાત કરી એમ આ ત્રણ ચાર વર્ષ જુની વાતને યાદ કરાવી પોતાની ગુજરાત પ્રત્યેની ભાવના અને ગુજરાતી મળવા આવ્યા તેની ખુશી વ્યક્ત કરી. ભરતસિંહ ડાભી તેમજ શંકરભાઈ વેગડ સુરેન્દ્રનગર રાજ્યસભા સાંસદે મોદી સાહેબને તા.૨૭-૧૧-૨૦૧૬ના રોહિતજી ચંદુજી ઠાકોર (ભામાશા) દ્વારા ચલાવવામાં આવતા સૂર્યચંદનમણી અન્નક્ષેત્ર વિસામો, પાવાગઢ ખાતેથી માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ મહાકાળી ઠાકોર સમાજ જાગૃતિ અભિયાન રથની લીલી ઝંડી આપી અને સમાજના વ્યસન મુક્તિ, શિક્ષણ, સમૂહ લગ્ન વિગેરે જેવા રોહિતજી દ્વારા રથનું પોતાના સ્વખર્ચે થતાં સમાજ ઉત્થાનના કામની ગુજરાતના ગામે ગામ રથનું હર્ષોલ્લાસ તેમજ ઢોલ-નગારા અને ફુલોથી જે સ્વાગત થાય છે તેની વાતથી વડાપ્રધાનશ્રીને વાકેફ કર્યા. આ વાતથી પ્રભાવિત થઈ માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબે રોહિતજી ચંદુજી ઠાકોરને ઈશ્વર સુખ-સમૃધ્ધિ અને સારૂં સ્વાસ્થ્ય અર્પે તેવી મહાકાળી માં પાવાગઢના ડુંગરવાળીને પ્રાર્થના કરૂં છું અને આજ રીતે આપ પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને રાજ્યનું ગૌરવ વધારો તેવી પીઠ થાબડી શુભેચ્છાઓ પાઠવી.

પાર્લામેન્ટ હાઉસમાં રોહિતજી ચંદુજી ઠાકોર, ભરતસિંહજી ડાભી, શંકભાઈ વેગડે સાથે મળીને રાજ્યસભાના અને લોકસભાના સાસંદોશ્રીઓને મળ્યા સાથે મહાકાળી ઠાકોર સમાજ જાગૃતિ અભિયાન રથની આમ જનતા દ્વારા મળતાં પ્રતિસાદની ચર્ચાઓ પણ કરી.

વિશેષ મુલાકાતમાં અરૂણ જેટલી સાહેબ (નાણાં પ્રધાન), માન.શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા (કેન્દ્રીય કૃષિ મંત્રી), માન.શ્રી રામસિંહ રાઠવા (સાસંદ-છોટાઉદેપુર), માન.શ્રી લીલાધર વાઘેલા (સાસંદશ્રી-પાટણ), માન.શ્રી લાલસિંહ વડોદરિયા (સાંસદશ્રી-આણંદ), માન.શ્રી રૂપા ગાંગુલી (રાજ્યસભાના મેમ્બર-પશ્ચિમ બંગાળ), માન.શ્રી સી.આર. પાટીલ (એમ.પી.-નવસારી), માન.શ્રી દિપસિંહ રાઠોડ (સાંસદશ્રી-સાબરકાંઠા), માન.શ્રી રાજેશ ચુડાસમા (એમ.પી.-જુનાગઢ), માન.શ્રી પ્રભાતસિંહ ચૌહાણ (સાંસદશ્રી-ગોધરા), માન.શ્રી દેવુંસિંહ ચૌહાણ (સાંસદશ્રી-ખેડા), માન.શ્રી નારણલાલ પંચારીયા (સાંસદશ્રી-રાજસ્થાન) તથા ઘણા બધા ભારતીય જનતા પાર્ટીના રાજ્યસભા અને લોકસભાના સાંસદશ્રીઓને મળ્યા.









